R.N.I.No. : 11555/1966

Price Rs. 1/-

# જ્યોતિ પુંજ

JYOTI PUNJ

AUGUST - 2018

Vol No. 62 Issue No.5

Total - 32 Pages

## પ્રાણ

શરીર નો મુખ્ય અધાર પ્રાણ છે. લિંગ દેહનો મુખ્ય ભાગ પ્રાણ છે. પ્રાણથી જ સ્થૂળ દેહના હલન-ચલનાદિ શક્ય બને છે. શરીરના અવયવોને યથાર્થ કાર્યોમાં પ્રેરવા, લોહી શુધ્ધ રાખવું તથા તમામ ક્રિયાઓ દ્વારા મનને શુધ્ધ અને સ્વસ્થ રાખવું તે કામ પ્રાણનું છે. પ્રાણ પોતાની સ્વાભાવિક ગતિ ત્યજીને, અનિયમિત ગતિથી ચાલવા માંડે ત્યારે જ રોગોની ઉત્પત્તિ થાય છે. રોગનું મૂળ ખાંસી-ઉધરસ છે, જે પ્રાણની વિકૃતિનાં પ્રથમ દર્શન રૂપ છે. પ્રાણની વિક્રિયાથી વીર્ય નાશ થાય છે અને તાકાતનો નાશ થાય છે. તેથી જ વૈદ્યો માંદાને ઉપવાસની અને શુધ્ધ હવામાં વસવાની ભલામણ કરે છે. પ્રાણ તત્ત્વથી સ્થૂળ દેહને જેટલો લાભ થાય છે તેના કરતાં લિંગ દેહ (સૂક્ષ્મ શરીર) ને વધારે લાભ થાય છે. એટલે પ્રાણ તત્વની પ્રબળતાથી માનસ ક્ષેત્ર વિકાસ પામે છે. વિશાળ બને છે અને અપ્રગટ શક્તિઓ પ્રગટ થાય છે. વાઈ, ફેફસાં, હિસ્ટિરિયા વગેરે મગજના વ્યાધિઓ પ્રાણાયમ દ્વારા પ્રાણ સંસ્કાર પામતાં સહેલાઈથી દૂર થાય છે.

પ્રાણ પ્રાચીન છે. ગર્ભાધાન થાય ત્યારથી જ તે ક્રિયાશીલ બને છે. બીજા અવયવો તો તેનાં બાહ્ય સાધન આંખ, કાન વગેરે બને છે ત્યાર પછી જ કાર્ય કરવા લાગે છે. ઉપનિષદોમાં પ્રાણને જૂનો અને શ્રેષ્ઠ કહેવામાં આવ્યો છે કારણ કે મન અને ઈન્દ્રિયોની લડાઈમાં તેની જીત થઈ હતી. ઊંઘમાં જ્યારે મન ક્રિયાશીલ હોતું નથી ત્યારે પણ તે કાર્યરત હોય છે.

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત

### શ્રીમતી મીનાબેન સુધીરભાઈ ધારીયા (રંગુનવાળા) પુરસ્કૃત

### ઉપનગર વિભાગ

# દાંડિયા રાસ

### તા. ૨૧-૧૦-૨૦૧૮, રવિવારે, સાંજે ૬.૦૦ કલાકે

**સ્થળ : શ્રી મહિલા આધાર ભવન, રઘુલીલા મોલની બાજુમાં પોઈસર જીમખાના રોડ, કાંદિવલી (વે), મુંબઈ - ૬૭**

દાંડિયા રાસ ઉંમર પ્રમાણે ગ્રુપ પાડીને રમાડવામાં આવશે.

આ સાથે શ્રીમતી મણીબેન મણિલાલ શાહ (ઝાટ) પુરસ્કૃત પારિતોષક વિતરણ યોજના નર્સરી, કે.જી. અને ધોરણ ૧ થી ૯ ઉપનગર વિભાગમાં રહેતા બાળકો માટે રાખેલ છે. જેમણે માર્કશીટની કોપી ન આપી હોય તે તા. ૪.૧૦.૨૦૧૮ પહેલા સંસ્થામાં અથવા નીચેના કાર્યકર્તાઓને પહોંચાડી આપવી અને રિઝલ્ટની પાછળ પોતાનું નામ, સરનામું અને ટેલીફોન નંબર જરૂર લખવાના રહેશે.

**(૧) શ્રી ઉર્મિલ કડકીયા - ૯૮૧૯૧૮૩૩૭૯ (૨) શ્રી વસંત દેસાઈ - ૯૮૨૧૦૫૪૩૨૯**

**(૩) શ્રી અજય દોશી - ૯૮૧૯૩૪૨૮૫૬ (૪) સંસ્થા ઓફિસ - ૨૩૮૮૭૦૦૬**

**મંત્રી - શ્રી ભાવેશ મોદી** **સંયોજક - શ્રી ઉર્મિલ કડકીયા**

---

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ

### ગિરિ પૂજા કોકીલાબેન પ્રવિણચંદ્ર પૂનમચંદ બીન ચુનીલાલ કડકીઆ (વલ્લભઘેલા)

# જનતા ફી સહાય યોજના

વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો માટે દર વર્ષની જેમ આ વર્ષે પણ ફી સહાય સમિતીની રચના કરવામાં આવી છે. તે હેઠળ જરૂરીયાતમંદ વિદ્યાર્થી ભાઈઓ તથા બહેનો ને ફી સહાય કરવામાં આવશે.

ફોર્મ લઈ જઈ સંપૂર્ણ વિગતો વાલીની સહીં લઈ ઓફિસમાં **તા. ૩૦-૯-૨૦૧૮** પહેલા આપી જવા વિનંતી.

ફોર્મની વિગતો સંપૂર્ણ ભરવી જેથી કરીને ફી સહાય મેળવવામાં વિલંબ ન થાય. આ આપણા સમાજ તરફથી આપવામાં આવતી સહાય છે. તેથી જરૂરિયાતવાળાઓ તેનો અવશ્ય લાભ લેશો તેવી આશા.

**ફોર્મ મેળવવા તથા ભરીને આપવાનું સ્થળ :**

(૧) શ્રી બાલાસિનોર નવયુવક સંઘ. ઓફિસ : ઓફિસ સમય દરમ્યાન (સોમ થી શનિ) બુધવાર સિવાય બપોરે ૩ થી ૭, રવિવારે સવારે ૯.૩૦ થી ૧૧.૩૦ સુધી

(૨) સમીર જયેન્દ્ર ગાંધી : નિકોશી ટ્રેડીંગ કંપની, ૧૨/૫, ૧ લે માળે, અજમેરા હાઉસ, ૬૩/૬૭ પાઠક વાડી, લુહાર ચાલ, મુંબઈ-૨, ફોન નંબર : ૨૨૦૬૦૨૯૪

ફોર્મ સાથે ઝેરોક્ષ માર્કશીટ અને ફી રીસીપ્ટ આપવી જરૂરી છે.

**મંત્રી : ભાવેશ મોદી** **સંયોજક : દિપક નવનીતલાલ શાહ**

# જ્યોતિ પુંજ

| વર્ષ | અંક | તારીખ |
| --- | --- | --- |
| ૬૨ | ૫ | ૨૧-૦૮-૨૦૧૮ |

છુટક કિંમત : **રૂા.૧/-** વાર્ષિક લવાજમ : **રૂા.૧૦/-**

બંકિમ રજનીકાન્ત પરીખ (તંત્રી)
(જુનાગઢવાળા)
જતીન દેસાઈ / પ્રશાંત પરીખ
તુષાર કડકીઆ / નિમીષા જી. કડકીઆ



પત્રવ્યવહારનું સરનામું

**બંકિમ પરીખ (ફોન : ૨૨૦૫૯૬૦૧)**
ડાયમંડ ઈલેક્ટ્રીક કંપની, ઈ/૨૧ બી,
નિરવ મેન્શન, બીજે માળે, ભાંગવાડી
કાલબાદેવી રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૨.
**ફોન :** ૯૮૨૦૪૩૪૩૨૨

❖❖❖

મંત્રી : ભાવેશ બીપીન મોદી (ઠાસરાવાલા)
**એ. કે. એન્ટરપ્રાઈઝ**
૫૪-બી, ગૌરક્ષક ચાલ, ૧ લે માળે, રૂમ નંબર -૧૩,
ફણસવાડી, મુંબઈ-૪૦૦ ૦૦૨
ટે.(ઓ.) : ૨૨૦૬૦૦૦૯ (મો.) : ૯૮૬૯૦૮૦૨૮૭

❖❖❖

**: કાર્યાલય :**
૧૧૮/૧૨૦, અર્દેશર દાદી સ્ટ્રીટ, વી.પી. રોડ,
મુંબઈ - ૪૦૦ ૦૦૪. ટે.નં. : ૨૩૮૮ ૭૦૦૬

❖❖❖

**: સમય :**
સોમવાર થી શનિવાર ૨ થી ૭ (સાંજે)
રવિવાર ૯.૩૦ થી ૧૧.૩૦ (સવારે)
દર બુધવારે સંસ્થાની ઓફિસ બંધ રહેશે.
**Visit us at www.balasinor.org**


## તંત્રી સ્થાનેથી

# રક્ષાબંધન

**- પ્રશાંત સુરેશચંદ્ર પરીખ (લકડાપારેખ)**

**''કોણ હલાવે લીમડી, ને કોણ ઝુલાવે પીપડી,**
**ભાઈની બ્હેની લાડકી ને ભાઈલો ઝુલાવે...**
**બેનડી ઝુલે...''**

ભાઈના જીવનમાં, ભાઈના જીવન વિકાસમાં બહેનની સ્નેહપૂર્ણ અને પ્રેરક શુભેચ્છાનું પ્રતીક રક્ષાબંધન પર્વ છે. મનુષ્ય જન્મે ત્યારેથી તેને કોઈને કોઈ પ્રકારનો ભય તો રહેતો જ હોય છે, અને જ્યાં ભય હોય ત્યાં રક્ષા સ્વયંભૂ પ્રગટ થતી હોય છે. રક્ષાની ભાવના પ્રબળ અને તીવ્ર હોય છે. આ રક્ષણ એટલે અંતરની આશિષનું રક્ષણ, હેતભરી શુભ ભાવાનાનું રક્ષણ, અદ્રશ્ય પરમાત્મા અને દેવ-દેવીઓને ગદગદ ભાવે કરેલી પ્રાર્થનાનું રક્ષણ.

આવું રક્ષણ અભિમન્યુને કુંતીએ તેને રણમોરચે જતા પહેલાં રાખડી બાંધી હતી. એવું રક્ષણ પ્રિયજનને આપવા માતાઓ, પત્નીઓ, ભગિનીઓએ રાખડી બાંધ્યાના પ્રસંગો પુરાણોમાં અનેક ઉપલબ્ધ છે.

હિંદુ સમાજમાં શ્રાવણી પૂર્ણિમાના દિવસે બધી જ બહેનો પોતાના ભાઈના કાંડે રાખડી બાંધી તેની સર્વ પ્રકારની રક્ષા ઈચ્છે છે. શું રાખડી બાંધીને કોઈની રક્ષા ખરેખર થઈ શકે ? મહત્વ રક્ષાબંધનનું નથી, મહત્વ છે અંતરના જે અમી ઘૂંટીને રાખડી બાંધતી વખતે આશીર્વાદ આપે તેનું છે.

આવો ભવ્ય ભાવનાનો તહેવાર માત્ર નિર્જીવ વ્યવહાર બની રહેવો ન જોઈએ. ભાઈને મન રાખડી બંધાવવી એટલે વ્યવહારની એક રસમ પૂરી કરવી.


સ્વ. રમતીબેન ઓચ્છવલાલ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ

બહેનને શક્તિ અનુસાર કંઈક આપી છૂટવું અને બહેને ભાઈ પાસેથી કંઈ મેળવવાનો હક્ક પૂરો કરવો. આપેલી અને લીધેલી ચીજો કે પૈસા એ ગૌણ વસ્તુ છે, એનું મહત્વ નથી. ભાઈ-બહેન વચ્ચે સ્નેહમાં અભિવૃદ્ધિ થાય એ વધુ મહત્વનું છે.

આપણે વ્રત-ઉત્સવો પાછળ રહેલા સાંસ્કૃતિક રહસ્યોને જાણવા, માણવા અને પીછાણવા પ્રયત્ન કરવો જોઈએ. ઉત્સવોની અને પ્રતીકોની પાછળ ભાવનું ભવ્ય ભાવનાનું મહત્વ છે.

રક્ષાબંધન પર્વ એટલે ભગિની પ્રેમ બંધન. સ્ત્રી તરફ વિકૃતિ દ્રષ્ટિએ ન જોતા પવિત્ર દ્રષ્ટિ રાખવી એ મહાન સંદેશ આપનાર આ પવિત્ર તહેવારને કુટુંબ પૂરતો મર્યાદિત બનાવી દીધો છે. પ્રેમ-બંધન અને ભાવ-બંધનના આ પવિત્ર તહેવારનું સામાજિકરણ અને વૈશ્વીકરણ કરવું જોઈએ.

★ ★ ★ ★ ★

## જ્યોતિપુંજના નવા મેઈલીંગ એડ્રેસ માટે અગત્યની સુચના

જે પણ સભાસદ ભાઈ બહેનોને જ્યોતિપુંજ નવા સરનામે જોઈતું હોય તેઓને વિનંતી કે પ્રકીર્ણ વિભાગ ઉપરાંત આ મુજબની સુચના નવા તથા જુના એડ્રેસ તથા સભાસદ નંબર અથવા વસ્તી પત્રક ક્રમાંક નંબર સાથે અલ્પેશ ધારીઆ - Bharat Asbestos & Rubber Co., ૧૩૭, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ગ્રાઉન્ડ ફલોર, મુંબઈ - ૪૦૦૦૦૩, મોબાઈલ નંબર - ૯૮૨૧૧૧૦૭૪૭/૯૮૩૩૮૬૭૬૦૧. **Email : aydharia@gmail.com** ને મોકવાનું રહેશે. આ સિવાય કોઈપણ મૌખિક સુચના સ્વીકારવામાં આવશે નહી.

**મંત્રી - ભાવેશ મોદી** **સંયોજક - અલ્પેશ ધારીઆ**

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ
## વિવિધ સમિતીની નામાવલી ૨૦૧૮-૨૦૧૯

**શ્રીમતી મનોરમાબેન હસમુખલાલ ધારીઆ (સુરતવાલા) પુરસ્કૃત બી.એન.એસ. ક્રિકેટ, શ્રી નટવરલાલ ચુનિલાલ મોદી જનસાથી ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીયા (લાલખાં) બી.એન.એસ. લાલખા ટ્રોફી, શ્રી દિલીપભાઈ મુળજીભાઈ ધારીયા (લાલખાં) અને શ્રી રૂપીન પૂનમચંદ કડકીઆ (બેરા) આયોજીત બી.એસ.એન. લાલખાં બેરા ટી-૨૦ લીગ**

૧) **શ્રી રીપલ બી. પરીખ - સંયોજક**
૨) શ્રી મનોજ આર. પરીખ - સભ્ય
૩) શ્રી ભાવિક એ. પરીખ - સભ્ય
૪) શ્રી ઉર્મિલ એન. કડકીયા - સભ્ય
૫) શ્રી અપૂર્વ ડી. ધારીયા - સભ્ય
૬) શ્રી રોહન જે. દેસાઈ - સભ્ય
૭) શ્રી રોહન આર. ધારીયા - સભ્ય
૮) શ્રી રીકીત એન. મોદી - સભ્ય
૯) શ્રી રુચીત એચ. દોશી - સભ્ય
૧૦) શ્રી તેજસ આઈ. શાહ - સભ્ય

**શ્રીમતી મંજુલાબેન નવનીતલાલ પરીખ (બખલી) પુરસ્કૃત વસ્તી પત્રક**

૧) **શ્રી અલ્પેશ યોગેન્દ્ર ધારીઆ - સંયોજક**
૨) શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ - સભ્ય
૩) શ્રી સંજય જયંતીલાલ શાહ - સભ્ય
૪) શ્રી મનોજ રસીકલાલ પરીખ - સભ્ય
૫) શ્રી દિપક નવનીતલાલ શાહ - સભ્ય
૬) શ્રી સમીર પ્રવીણચંદ્ર ધારીઆ -સભ્ય
૭) શ્રી પ્રશાંત સુરેષચંદ્ર પરીખ - સભ્ય
૮) શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી - સભ્ય
૯) શ્રી કમલેશ ચંદ્રકાંત દોશી - સભ્ય
૧૦) શ્રી વસંત નટવરલાલ દેસાઈ - સભ્ય

## હિંડોળા કેવી રીતે ઝુલાવવા ?

પ્રથમ આપણા સેવ્ય સ્વરૂપની આજ્ઞા લઈ, શ્રીને હિંડોળામાં પધરાવવા. શ્રી ઠાકોરજીને જ્યારે પણ હિંડોળામાં પધારાવીએ ત્યારે પ્રથમ આગળથી (સન્મુખ) ત્રણ વાર, બે હાથથી ઝુલાવવા અને ત્યારબાદ હિંડોળાની ડાંડી પકડીને ઝુલાવાય.

## હિંડોળાની સજાવટમાં ક્યા સિધ્ધાંતો ધ્યાનમાં રાખવા ?


હિંડોળાની સજાવટમાં જે ખાદ્ય સામગ્રીનો ઉપયોગ થાય છે જેવી કે લીલોમેવો, સૂકો મેવો, કઠોળ વગેરે. એ સામગ્રી વડી (કાઢીને) કરીને શ્રી ઠાકોરજીના વિનીયોગમાં લઈ શકાય છે. પણ જે સામગ્રી (હિંડોળાની ડિઝાઈન) પશુ-પક્ષીની બનાવટમાં લીધી હોય, તે ઠાકોરજીના ઉપયોગમાં ન લઈ શકાય.



# શ્રીજી હિંડોળે ઝુલે

ઝુલે ઝુલે છે શ્રીજીબાવા આજ
શ્રીજી હિંડોળે ઝુલે
અષાઢી પૂર્ણિમા ને હિંડોળો સજાવ્યો
રેશમની દોરીથી તેને ઝુલાવ્યો
જુઓ હરખે છે શ્રીજીબાવા આજ
શ્રીજી હિંડોળે ઝુલે
શ્રાવણના સરવરિયાને યમુના મહારાણી
શોભી ઉઠયા છે જાણે પૂરી રંગોળી
આવોને વૈષ્ણાવો લઈએ બે તાળી
જુઓ હરખે છે શ્રીજીબાવા આજ
શ્રીજી હિંડોળે ઝુલે
પવિત્ર એકાદશીને હિંડોળો સજાવ્યો
વિજળીને વરસાદની હેલી ઉભરાણી
વનરાતે વનમાં ઉજવે ઉજાણી
જુઓ હરખે છે શ્રીજીબાવા આજ
શ્રીજી હિંડોળે ઝુલે
નાળિયેરી પૂર્ણિમાની ચાંદની અનેરી
ભાઈ બહેનના પ્યારે સજાવ્યો
હેતને હિલોળે તેને ઝુલાવ્યો
જુઓ હરખે છે શ્રીજીબાવાના આજ
શ્રીજી હિંડોળે ઝુલે
હિંડોળે ઝુલે ને અમી વરસાવે
નયનોના દીપકમાં તેજ પૂરાવે
આનંદની હેલીમાં સહુને ભિંજાવે
જુઓ હરખે છે વૈષ્ણવો આજ
શ્રીજી હિંડોળે ઝુલે

# પ્રાણ મુદ્રા



અંગૂઠાની ટોચ પાર કનિષ્ઠિકાની ટોચ, કનિષ્ઠિકાની આંગળીના નખ પર અનામિકાની ટોચ રાખી, અંગૂઠાથી હલકું દબાણ આપી, ત્રણે આંગળીઓ એક લાઈનામાં રાખી બાકીની તર્જની અને મધ્યમાને સીધી રાખી પ્રાણ મુદ્રા બને.

**બીજી રીત :** અનામિકા અને કનિષ્ઠિકાની ટોચને અંગૂઠાની ટોચ સાથે મેળવી, અંગૂઠાથી હલકું દબાણ આપી, બાકીની બે આંગળીઓ (તર્જની-મધ્યમા) સીધી રાખી પ્રાણમુદ્રા બને છે.

શરીરમાં દસ પ્રાણવાયુમાંના પાંચ પ્રાણવાયુ મુખ્ય છે, જેને પંચપ્રાણતત્વ કહે છે, તે છે પ્રાણ, અપાન, વ્યાન, ઉદાન અને સમાન વાયુ. આ પાંચેય વાયુને વ્યવસ્થિત કરવા પાંચ મુદ્રાઓ છે. પાંચવાયુમાં પ્રાણ અને અપાન વાયુ મુખ્ય છે. પ્રાણ અને અપાન સમ થાયતો યોગ સધાય. યોગના પ્રાણાયમના પ્રયોગથી પ્રાણ-અપાન સમ બને છે પણ પ્રાણ-અપાન બંને મુદ્રા કરવાથી સહજ રીતે યોગ સધાય છે.

પ્રાણવાયુ મુખ્યત્વે નાસિકામાં, મુખમાં, હૃદયમાં અને નાભિના મધ્યભાગમાં રહે છે.

**લાભ :**

- પ્રાણમુદ્રાથી પ્રાણશક્તિનો વિકાસ થાય છે. કરોડરજ્જુ સીધી રાખી પ્રાણમુદ્રા કરવાથી પ્રાણઉર્જા સક્રિય બની ઉર્ધ્વમુખી બને છે જેનાથી ઈન્દ્રિય, મન અને ભાવોમાં સૂક્ષ્મ પરિવર્તન આવી વ્યક્તિની ચેતના ઉર્ધ્વગામી બને છે.
- પૃથ્વી, જળ અને અગ્નિતત્વનું સંયોજન થવાથી લોહી અને પ્રાણની બધી પ્રક્રિયાના અવરોધ દૂર થાય છે.
- આ મુદ્રાથી શરીરમાં પ્રાણશક્તિનો એવો સંચાર થાય છે કે જાણે શરીરનો ડાયનેમો ચાલુ થયો હોય એવો અનુભવ થાય છે. શરીરપ્રેક્ષાના પ્રયોગની જેમ પ્રાણના પ્રકંપનોના શરીરના દરેક અવયવમાં અનુભવ થાય છે.
- પ્રાણશક્તિથી રોગપ્રતિકારક શક્તિ વધે છે જેનાથી રોગનો સામનો કરવાની શક્તિ વધે છે.
- આ મુદ્રાથી રક્તનળીઓમાં કોઈ રુકાવટ હોય તો દૂર થાય છે જેથી રક્ચસંચારની શુદ્ધિ થાય છે. શરીરમાં સ્ફૂર્તિ, આશા, ઉમંગ અને ઉત્સાહ ઉત્પન્ન થાય છે.
- કમજોર અને શારીરિક રીતે દુર્બળ વ્યક્તિ માટે ખાસ મુદ્રા છે તેનાથી એટલી શક્તિ ઉત્પન્ન થાય, કે કમજોર વ્યક્તિ શારિરિક અને માનસિક દૃષ્ટિથી શક્તિશાળી બને છે અને રોગોના સંક્રમણથી દૂર રહી શકે છે.
- આ મુદ્રાના પ્રયોગથી ઘણા વિટામીન્સની ઉણપ દૂર થાય છે.
- આંખની બધી બિમારીઓ અને આંખના કોઈપણ દોષ માટે ખુબ લાભદાયક છે. આંખની જ્યોતિ વધે છે.
- પગમાં ચઢેલા ગોટલા પ્રાણમુદ્રાના પ્રયોગથી દૂર થાય છે. Cramps (ખેંચ) આવતા હોય તો મટે છે.
- માથાની તથા શરીરના કોઈપણ અવયવની ખાલી દૂર થાય છે.
- પેરાલીસીસ પછીની સ્થિતિમાં સુધારો થાય છે.
- જ્યારે પણ થાક લાગે ત્યારે આ મુદ્રાના પ્રયોગથી થોડીજ વારમાં શરીરમાં નવશક્તિનો સંચાર થઈ થાક દૂર થાય છે.
- સ્નાયુમંડળ સશક્ત બને છે.
- ડાયાબીટીસ માટે પ્રાણમુદ્રા અને અપાનમુદ્રા સાથે કરવી જોઈએ.
- અનિદ્રા માટે પ્રાણમુદ્રા અને જ્ઞાનમુદ્રા સાથે કરવી જોઈએ.
- ઉપવાસ વખતે ખાવાપીવાની ઈચ્છા પર નિયંત્રણ મેળવી શકાય છે, એટલે પ્રાણમુદ્રાથી ભૂખ-તરસ છિપાય છે.
- એકાગ્રતાનો વિકાસ થાય છે.

# નિષ્ફળતામાંથી જ સફળતાનું ઝરણું પ્રગટે છે

✍ **શૈલેષ દેસાઈ**

**છે કઠણ માર્ગો ઘણાં, વિશ્વાસનો પણ અટલ છે.**
**સંકટોને જોઈ હિંમત હારનારો હું નથી.**
**છે હૃદયમાં રોશનીએ, હોલવાશે ના કદી,**
**પારકાં તેજે પ્રકાશેલો, સિતારો હું નથી**

જે માણસને જાત ઉપર વિશ્વાસ હોય છે. શ્રધ્ધા હોય છે. સફળતા પ્રાપ્ત કરવાની જેને ધૂન સવાર થઈ હોય છે. તેવા માણસો કદી જીવનમાં પાછા પછડાતા નથી. એવો સાર આ પંક્તિ આપણને સમજાવી રહી છે. આપણે સફળતા પ્રાપ્ત કરવી હોય તો જીદંગીમાં ક્યારેય નિષ્ફળતાથી ડરશો નહિ. નિષ્ફળતાને જ સફળતાના પગથીયા બનાવીને આગળ વધવું જોઈએ. આ લેખમાં તેના માટે વિચારીશું.

આ દુનિયામાં દરેક માનવીની ઈચ્છા હોય છે કે સફળતાના શિખરે પહોંચે. સફળતાના માપદંડ માનવી માનવી વચ્ચે જુદા હોઈ શકે છે. તેના ક્ષેત્રો પણ જુદા જુદા હોઈ શકે છે. કોઈ ધંધામાં તો કોઈ નોકરીમાં સફળતા મેળવવા ઈચ્છે છે. કોઈ વિદ્યાઅભ્યાસમાં તો કોઈ રમતગમતમાં સફળતા મેળવવા ઈચ્છે છે. ટૂંકમાં દરેકને સફળતા પ્રાપ્ત કરવી એવી ઈચ્છા તો હોય જ છે અને હોવી પણ જોઈએ.

સફળતા મેળવવી હોય તો પોઝીટીવ વિચારધાર જોઈએ. જેની પોઝીટીવ વિચારધારા હોય તે અવશ્ય જીવનમાં સફળ થાય જ છે.

આપણે વીજળીની શોધ કરનાર આલ્વા એડીસનને આજે યાદ કરીએ છીએ. તેમનામાં ગજબની ધગશ હતી. નિષ્ફળતાથી તે ક્યારેય ડગતા જ ન હતા. અનેક પ્રયોગોમાં નિષ્ફળ જતા, છતાં તેઓ કદી હાર સ્વીકારતા ન હતા.

એક વખત તેમની સાથી કરતાં શોધ પડતી મુકવા તૈયાર હતાં પરંતુ એડીસન પોતાની વિચારધારાને છોડવા માગતા ન હતા. એડીસને પોતાના મિત્રોને સમજાવ્યા જેમ જેમ નિષ્ફળતા તરફ જઈએ છીએ તેમ તેમ સફળતાનું અંતર ઘટતું જાય છે અને આપણને એક દિવસ સફળતાના શિખરે પહોંચાડશે. એડીસનની વાત સાંભળીને મને કે કમને જોડાયા અને એક દિવસ સોનાનો સૂરજ ઉગ્યો હોય તેમ પ્રયોગશાળા વિજળીના પ્રકાશથી ઝળહળી ઊઠી. સૌ નાચી ઉઠયા. જીવનમાં સફળતા મેળવવી હોય તો હરહંમેશા સકારાત્મક વિચારો રાખવા જોઈએ. ધીરજ રાખી મહેનત કરવાથી અવશ્ય સફળતા મળે છે. એક રસ્તો નહી તો બીજો રસ્તો અપનાવો.

આ લોકની અંદર સફળતા પ્રાપ્ત કરવી હોય કે આધ્યાત્મિક માર્ગે કરવી હોય તો હિંમત રાખી પુરૂષાર્થ તો કરવો જ જોઈએ. શ્રી સ્વામીનારાયણ ભગવાન સ્વયં ગઢડા પ્રથમ પ્રકરણમાં ૧૭માં વચનામૃતમાં કહે છે કે સત્સંગમાં કુસંગ તે શું છે? તો જે વાત ના કરનારા હિંમત વિનાની વાત કરે છે સત્સંગમાં કુસંગ છે.

માનવ જીવનમાં મોટામાં મોટું દુઃખ એટલે તેના કાર્યમાં મળતી નિષ્ફળતા. સુખી થવાના સપના રચતો માનવી જ્યારે નિષ્ફળતા પામે છે ત્યારે તેની ઘણી આશાઓનો નાશ થાય છે. પરિણામે તે નિસહાય બની જાય છે. આશવાદી માણસના આ લક્ષણો છે. આશા વગર કોઈપણ કાર્યની શરૂઆત થતી નથી. પહેલા ધોરણમાં ભણતા વિદ્યાર્થી પર આશાના મીનારા બાંધીએ છીએ. તે પાસ થશે, કમ્પ્યુટર ભણશે, તે પાસ થશે તક મળતા તે પરદેશ વધુ ભણવા જશે કે ભારતમાં રહીને ડૉક્ટર કે ઈજનેર કે વૈજ્ઞાનિક બનશે. આ પ્રમાણે ઘણી જ અપેક્ષાઓ હોય છે. જો આશા, અરમાનો અને

અપેક્ષાઓ છોડી દઈશું તો કાર્યમાં સિધ્ધિ નહી મળે. આપણું જીવન સફળતા અને સિધ્ધાંતો સાથે જોડાયેલું છે. આશા વિના કાર્ય થતું નથી અને કાર્ય વિના સફળતા નથી મળતી. આશા પર શ્રધ્ધા રાખવી પડે છે. ખેતરમાં ખેડૂત વાવણી કરવા જાય છે ત્યારે કેટલું ઉગશે તે જાણ તો નથી પરંતુ તે ઉગશે અને ધાન્ય મળશે તેમાંથી તેનો ખર્ચ મળશે તે આશા પુરી થતી નથી પરંતુ આ ચિંતનનો વિષય છે. શબ્દોની તાકાત માનવીને સફળતા અને સિદ્ધિના શિખરના દર્શન કરાવે છે. શિષ્ય ગુરુ પાસેથી કાંઈક જાણવાની આશા રાખે છે. ધરતી પર અસંખ્ય શોધખોળો લઈને પાછા ફરીશું એવી આશા અપેક્ષા સાથે આપણા વૈજ્ઞાનિકોએ અવકાશમાં પ્રયાણ કર્યું હતું. કંઈક નવી શોધ કરવાના આશય થી સફળતા ઓછાને મળે છે પણ નિષ્ફળતા વધારે પ્રમાણમાં મળતી હોય છે. નિષ્ફળતામાં આશાઓ જુએ છે તે જ આગળ વધે છે.

## કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન

કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓનું સમૂહ ભોજન તા. ૧૬-૯-૨૦૧૮ ના રવિવાર ના રોજ રાખેલ છે.

કાંદિવલીમાં વસતા તમામ બાલાસિનોર વાસીઓને સવારે ૧૧.૦૦ કલાકે સમૂહ ભોજન માટે નીચેના સ્થળે પધારવા વિનંતી છે.

**સ્થળ :** અડુકીયા સ્કૂલ ગ્રાઉન્ડ, રામગલી, શાંતિલાલ મોદી રોડ, આઈસીઆઈસીઆઈ બેંકની સામે, કાંદિવલી (વેસ્ટ), મુંબઈ - ૪૦૦૦૬૭

**નોંધ :** કાંદિવલીમાં વસતા તથા નવા રહેવા આવેલ સર્વેને સમૂહ ભોજનમાં પધારવા વિનંતી છે.

**લિ. કાંદિવલીમાં વસતા બાલાસિનોરવાસીઓ**

શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
**શ્રીમતી શાંતાબેન કાંતિલાલ દોશી પુરસ્કૃત**

# મહિલા વિભાગ

તારીખ ૧૪-૭-૨૦૧૮ના શનિવારે બપોરે ૨ વાગે, લોઢા હોલ ખાતે GAME નો કાર્યક્રમ રાખવામાંઆવ્યો હતો. જેમાં ૩૬૦ બહેનોએ ભાગ લીધો હતો. ૧૮ થી ૮૦ વર્ષ સુધીની બહેનો રમી શકે એવી રમતો જેવી કે

1) Quiz (2) Marble & Spoon (3) Putting housie coin in diffrent glasses according to number (4) શેરબજાર (5) Passing the Balloon (6) Baby Dressing.

મહિલા વિભાગની કમિટીની બહેનો, મિનૌતિબેન શાહ તથા Volunteers ની મદદથી રમાડવામાં આવી હતી. ઘણી મોટી સંખ્યામાં જીતનારા બહેનોને ઈનામ તથા રમત ગમતમાં ભાગ લેનાર સૌ બહેનોને કોન્સોલેશન પ્રાઈઝ આપવામાં આવ્યા હતા.

આવનાર સૌ સભ્ય બહેનોના સાથ અને સહકારને કારણે ખૂબ જ શિસ્તબધ્ધ રીતે રમતો રમાઈ હતી. એ બદલ મહિલા વિભાગ કાર્યક્રમમાં આવનાર બહેનોને તથા ખડે પગે રહી ખંતથી સ્ફૂર્તિપૂર્વક રમત રમાડનાર કમિટી બહેનો, મિનૌતીબેન તથા વોલીન્ટીયર્સનો હૃદયપૂર્વક આભાર માને છે. અને આશા રાખે છે કે ભવિષ્યમાં પણ આપ આવો જ સાથ અને સહકાર મહિલા વિભાગને આપતા રહેશો.

## આગામી કાર્યક્રમો

### નવરાત્રી - દાંડિયા રાસ

તારીખ : ૬ ઓક્ટોબર ૨૦૧૮, શનિવાર
સમય : બપોરે ૨.૩૦ કલાકે
સ્થળ : સંસ્કૃતિ હોલ, બાબુલનાથ

આ કાર્યક્રમના પાસ તારીખ ૨૧ સપ્ટેંબર શુક્રવારે બપોરે ૩ થી ૪.૩૦ ની વચ્ચે રૂા. ૧૫૦ લઈ સંસ્થાની ઓફિસે આપવામાં આવશે અથવા કોઈપણ કમિટીની બહેનો પાસેથી લઈ શકશો.

### નવરાત્રી લ્હાણી

નવરાત્રિની લ્હાણીના પાસ પણ એ જ દિવસે તારીખ ૨૧ સપ્ટેંબરે રૂા. ૧૫૦/- લઈ સંસ્થાની ઓફિસમાંથી આપવામાં આવશે અથવા કોઈપણ કમિટી બહેનો પાસેથી લઈ શકશો.

ઉંમર પ્રમાણે ગ્રુપ બનાવી Best Performance તથા Best Dress માટે ઈનામો આપવામાં આવશે.

| | |
|---|---|
| **મંત્રી** | **સંયોજક** |
| **ભાવેશ મોદી** | **અલ્પા કડકીઆ - ૯૮૧૯૬૨૯૦૬૨** |


શ્રીમતી નીતાબેન રાજેન્દ્ર મોદી (પેપરવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

## શ્રી બાલાસિનોર નવયુવક સંઘ સંચાલિત
# શ્રી બાલાસિનોર નવયુવક સંઘ તથા
## શ્રી દક્ષેશભાઈ શ્રી મીનીષભાઈ કડકીયા (કડકીયા એન્ટરપ્રાઈઝ) પુરસ્કૃત
# આંતરિક રમત-ગમત ૨૦૧૮-૨૦૧૯

**સ્પર્ધાના નામો**

**(૧) કેરમ સીંગલ્સ અને ડબલ** **(૨) કેરમ સીંગલ્સ**

**(૩) કેરમ સુપરહિટ મુકાબલા** **(૪) ચેસ**

કન્વીનરને ગેમ રદ કરવી અથવા બદલવાનો અધિકાર રહેશે.

આ સ્પર્ધાનું આયોજન તા. ૧૬-૯-૨૦૧૮ રવિવારના રોજ સવારે ૯.૩૦ વાગે સંસ્થાની ઓફિસમાં સી.પી.ટેન્ક ખાતે શરૂ થશે. કેરમની બધી જ ગેઈમ્સ રમાડવામાં આવશે. શક્ય હશે તો તે જ દિવસે ચેસની રમત રમાડવામાં આવશે.

જેઓને ઉપર જણાવેલ રમતમાં ભાગ લેવો હોય તોઓએ તે નીચે જણાવેલ કાર્યકર્તાઓનો સંપર્ક કરવા વિનંતી.

**(૧) કિંજલ પંકજ પરીખ (સંયોજક) - ૯૮૨૦૮૧૫૫૮૪**

**(૨) અજીત નવટરલાલ મોદી (સભ્ય) - ૯૮૬૯૦૨૯૪૮૬**

**(૩) સંસ્થાની ઓફિસ**

એન્ટ્રી માટે રૂા. ૫૦/- ભરવાના રહેશે. **નોંધ : જમવાની વ્યવસ્થા કરવામાં આવેલ છે.**

**મંત્રી - ભાવેશ બીપીન મોદી** **સંયોજક - કિંજલ પંકજ પરીખ**

# શ્રાવણ ને સગપણ છે તહેવારો સાથે

વિક્રમ સંવતના બધા મહિનામાં અનેક તહેવારો આવે છે. આ બધા મહિનામાં સૌથી વધારે તહેવારો શ્રાવણ માસમાં આવે છે. તેથી સર્વ ધર્મજનો શ્રાવણ મહિનાને તહેવારનો મહિમા પણ કહે છે.

શ્રાવણ માસ ખૂબ જ મહત્વનો, પવિત્ર અને અર્થસભર મહિનો ગણવામાં આવે છે. એ મહિનામાં ભગવાન શિવની અત્ર, તત્ર, સર્વત્ર પૂજા-અર્ચના, આરાધના ને ભક્તિ વધી જાય છે. શિવના મોટા મોટા પ્રસિદ્ધ મંદિરોમાં ને નાની દેરીઓમાં ને સ્થાનકોમાં ભક્તો દર્શનાર્થે આવે છે. આ પવિત્ર માસની આગવી અને અનોખી વિશિષ્ટતા છે.

તહેવારોની ઉજવણી તો આપણી વર્ષોની પરંપરા છે. તહેવારોને લીધે માણસનું જીવન રસમય, સુંગધમય ને સુખમય બને છે. તહેવારને કારણે જીવન શુષ્ક થતું અટકે છે. તહેવાર તો માણસને જીવવાનો નવો રસ આપે છે. તહેવાર એટલે નવો વાર, નવી તિથિ, તહેવાર એટલે ઉત્સવ-યોગ, તહેવાર એટલે તરહ તરહનો વાર. એક બાજુ મદભર વર્ષાઋતુ ચાલતી હોય છે ને બીજી બાજુ બધા લોકો તહેવારની ખુશી અનુભવે છે. શ્રાવણ મહિનાનાં સુદ કે વદમાં નીચેના તહેવારો આવે છે.

(૧) શ્રાવણ સુદ ને વદ સોમવારો (૨) બળેવ (રક્ષાબંધન) (૩) નાગ પાંચમ (૪) રાંધણ છઠ્ઠ (૫) શીતળા સાતમ (૬) આઠમ-ગોકુલાષ્ટમી કે જન્માષ્ટમી (૭) નોમ (પારણાં) (૮) સ્વાતંત્ર્ય દિન (૧૫મી ઑગસ્ટ) (૯) સંવત્સરી (૧૦) ગણેશ ચતુર્થી વગેરે.

**શ્રી બાલાસિનોર પ્રગતિ સમાજ તથા**
**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ**
**શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ મેડીકલ ટ્રસ્ટ**
**વાર્ષિક સામાન્ય સભા**

સર્વે જ્ઞાતિજનો,

ઉપરોક્ત મંડળોની સંયુક્ત વાર્ષિક સામાન્ય સભા તા. ૨૫મી સપ્ટેમ્બર ૨૦૧૮ મંગળવારના રોજ સમય સાંજના ૭.૦૦ કલાકે યોજવામાં આવેલ છે.

**સ્થળ** : તારાબાઈ હોલ, મરિન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦૦૦૨.

તેથી સર્વે સભ્યોને સમયસર હાજર રહેવા અમારું નમ્ર નિવેદન.

**નોંધ :** સભાબાદ જમાવાની વ્યવસ્થા રાખવામાં આવેલ છે. ઈચ્છુક સભ્યએ સંસ્થાઓના કાર્યાલયમાં નિર્ધારિત રકમ જમા કરાવી જમવાના પાસ લેવા વિનંતી.

**કારોબારી સમિતીઓ વતી**



શ્રી નીતીન રસીકલાલ ગાંધી (લોઢાવાળા) ના જે જે શ્રી ગોકુલેશ

# શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટ, સુવર્ણ જયંતી ઉત્સવ

શ્રી ગોકુલનાથજી મંદિર નમ્ર વિનંતી

ચલો બાલાસિનોર કાર્યક્રમ અંતર્ગત માદરે વતન બાલાસિનોરમાં આવનાર સર્વે જ્ઞાતિબંધુઓને શ્રી ગોકુલનાથજી મંદિર આયોજીત તા. ૪-૧૧-૨૦૧૮ તથા તા. ૫-૧૧-૨૦૧૮ના ઉત્સવના પાસ તેમના પેકેજમાં જ આપી દેવાના છે. આ સિવાય જે જ્ઞાતિબંધુઓ પોતાની રીતે બાલાસિનોર મંદિરના ઉત્સવમાં પધારવાના છે તેઓએ પાસ (તા ૪-૧૧ તથા ૫-૧૧) (સવારના ચા નાસ્તો, બપોરનું ભોજન, રાત્રીનું ભોજન) તા. ૪ થી ૮ ઓક્ટોબર, સમય સવારના ૧૦.૦૦ કલાકથી સાંજના ૪.૦૦ કલાક સુધી નીચે દર્શાવેલ સ્થળોએથી પ્રાપ્ત કરી લેવા. આ સિવાય બાલાસિનોર ખાતેથી કોઈને પણ પાસ વિતરણ કરવાના નથી. કાર્યક્રમ આયોજકો તથા જ્ઞાતિ બંધુઓને કોઈપણ પ્રકારની અસુવિધા ન થાય તે માટે સૌ એ પોતપોતાના પાસ સમયસર મેળવી લેવા નમ્ર વિનંતી કરવામાં આવે છે

બાલાસિનોરમાં રહેતા જ્ઞાતિબંધુઓને શ્રી મણીકાન્ત છોટાલાલ કડકીયા, સુરતી એન્ડ કું, બજાર, બાલાસિનોર ખાતેથી પાસ મેળવી લેવના રહેશે.

**લિ. સદાય આપની સેવામાં**
**શ્રી ગોકુલનાથજી મંદિર ટ્રસ્ટીગણ**

**પાસ મેળવવાના સ્થળ :**

**બોરીવલી**

(૧) **શ્રી હેમેન્દ્ર રમણલાલ શાહ :** C-૩૦૨, સુમેર નગર, કોરા કેન્દ્ર બસ સ્ટોપની પાસે, એસ.વી.રોડ, બોરીવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૨૦૦૧૧૫૮૬

**કાંદિવલી**

(૨) **શ્રી વસંત નટવરલાલ દેસાઈ :** એ-૩૦૩, શંત્રુજ્ય એપાર્ટમેન્ટ, પટેલ નગર, કાંદિવલી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૨૧૦૫૪૩૨૯

**અંધેરી**

(૩) **શ્રી અજય પ્રવીણચંદ્ર દોશી :** બી-૧૨, નવશીલ્પવાની, લલ્લુભાઈ પાર્ક રોડ એક્સટેન્શન-૧, સૂર્યા નર્સીંગ હોમની સામે, અંધેરી (વેસ્ટ), મોબાઈલ : ૯૮૧૯૩૪૨૮૫૬

**મુંબઈ**

(૪) **શ્રી મનોજ રસિકલાલ પરીખ :** મયુર ટ્રેડીંગ કોર્પોરેશન, ૧૫૮/૧૬૦, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, પહેલે માળે, મુંબઈ-૪૦૦૦૦૩, મોબાઈલ : ૯૮૨૦૪૩૯૧૩૪

**વધુ વિગત માટે સંપર્ક :**

**શ્રી સૌમીલ મોદી - ૯૯૨૦૨૧૩૪૨૬**

**શ્રી જીગર કડકીઆ - ૯૯૨૦૩૩૧૫૩૫**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોતેજક મંડળ

મંડળની ૯૪મી વાર્ષિક સામાન્ય સભા ૯મી સપ્ટેમ્બર ૨૦૧૮ રવિવારના રોજ સવારે ૯.૦૦ કલાકે રમા વાટુમલ ઓડિટોરિયમ, કે.સી. કોલેજ, ચર્ચગેટ, મુંબઈ ખાતે આયોજિત કરવામાં આવેલ છે.

આ પ્રસંગે શ્રીમતી હંસાબેન પ્રવિણચંદ્ર કડકીઆ અને શ્રીમતી રૂપલબેન પ્રદીપ કડકીઆ (ખીસાદાર) પુરસ્કૃત **Talent Appreciation Scheme** ના ઉપક્રમે વાડાસિનોર દશાનીમા વણીક જ્ઞાતિના શિક્ષણ સિવાયના અન્ય ક્ષેત્રમાં પ્રશંસનીય યોગદાન આપ્યું હોય એવી વ્યક્તિનું સન્માનપત્ર તથા યોગ્ય પુરસ્કાર અર્પણ કરી સન્માન કરવામાં આવશે.

### વાડસોલ કર્મવીર

મંડળને અવિરત ૫૧ વર્ષ, સંનિષ્ઠ અને કાર્યદક્ષ સેવા આપી માર્ગદર્શકની ભુમિકા ભજવાનાર દાતાશ્રી નટવરલાલ ચંદુલાલ પરીખ (વોરા) ની પ્રેરક સ્મતિ રૂપે વાડસોલ કર્મવીર પદક આપવામાં આવે છે.

જે અન્વયે આ વર્ષે આપણા સમાજની વિવિધ સંસ્થાઓને દીર્ઘકાલીન કાર્યક્ષમ રાહબરી પુરી પાડનાર કાર્યકર્તા **શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડીયા)** ની સેવાઓને વાડસોલ કર્મવીર સન્માન થી ગૌરવાન્વિત કરાશે.

**કારોબારી સમિતી વતી - જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ- માનદ્ મંત્રીઓ**

## શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ તથા બાલાસિનોર વિદ્યોત્તેજક ચેરિટેબલ ટ્રસ્ટ

મંડળ દ્વારા રજુ કરાયેલ વિવિધ નવી શૈક્ષણિક યોજનાઓને સમાજના દરિયાદિલ દાતાશ્રીઓ તરફથી નક્કર પ્રતિસાદ સાંપડયો છે.

ઉપરોક્ત મંડળની નીચે જણાવેલ એક એવી શૈક્ષણિક યોજના માટે મંડળને દાતાશ્રી પ્રાપ્ત થયેલ છે.

| S.No. | Name of Scheme | Amount |
|---|---|---|
| 01 | Education Scheme for Coaching Classes (Std. I to IX) | 11,00,000/- |

ઉપરોક્ત શૈક્ષણિક યોજના સ્વ. પુષ્પાબેન રસિકલાલ કડકીઆ (આર.આર.) ની સ્મૃતિ નિમિત્તે તેઓના સુપુત્રો શ્રી કાર્તિકભાઈ, શ્રી વિનિતભાઈ તથા શ્રી હર્ષલભાઈ દ્વારા સ્પોન્સર કરવામાં આવેલ છે.

આ યોજના હવે પછી **સ્વ. પુષ્પાબેન રસિકલાલ કડકીઆ (આર.આર.) Educational Scheme for Coaching Classes (Std. I to IX)** નાં નામે ઓળખાશે.

સંસ્થાની કારોબારી સમિતિના સૌ સભ્યો દાતા પરિવારનો નો આભાર વ્યકત કરે છે અને તેમના સુખ, શાંતિ અને ઉત્કર્ષ માટે પ્રભુને પ્રાર્થના કરે છે. **કારોબારી સમિતી વતી જસ્મિન બી. શેઠ તથા ધર્મેશ જ. શાહ - માનદ્ મંત્રીઓ**


## કબીર કૂવા એક હૈ પનિહારી અનેક સબકા બરતન ન્યારા હૈ પાણી સબમેં એક

કબીરનો આ દુહો ખુબ જ ગહન અને માનવ જાતિ માટે આંખ ઉઘાડનારો છે.

પૃથ્વી ઉપરના જુદા જુદા દેશના માનવીઓ જુદા જુદા ધર્મોનું આચરણ કરી પોતાના ધર્મને સર્વોપરી માનતા હોઈએ છીએ અને ઝનુની બનતા હોઈએ છીએ. ત્યારે કબીરે સુંદર શબ્દોમાં વ્યાખ્યા કરી જુદા જુદા ધર્મોએ પેલી પનિહારી જેવા છે. દરેક પનિહારી જુદા જુદા આકારના પાત્રો પાણી ભરવા લઈને આવી હોય છે. તેમ આપણે ધર્મના સંપ્રદાયના વાડા હેઠળ ધમાઁધ બની ગયા હોઈએ છીએ. કબીર કહે છે આ બધા ધર્મો-વાડા ભલે જુદા જુદા દેખાતા હોય પણ તેમાં ભરેલું જળ એક જ કૂવાનું અને એક જ સરખું છે. ઈશ્વરીય તત્વ એ પેલા કૂવાનું જળ છે. કૂવો એ બ્રમાંડ છે અને જળ એ બ્રમાંડમાં વિચરતુ ઈશ્વરીય તત્વ છે. જેની કઠપુતળીઓ આપણે સૌ છીએ. - **નવિનચંદ્ર સી. શાહ (કોલકત્તાવાળા)**



શ્રીમતી દિપીકા પંકજ ધારીઆ (લાલખા) ના જે જે શ્રી ગોકુલેશ



# "વાડસોલ કર્મવીર"

## શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ (ફાડીઆ)

શ્રી મધુસુદન ભીખાલાલ કડકીઆ નો જન્મ બાલાસિનોર મુકામે તા. ૨-૨-૧૯૩૧ના રોજ મણીબેન ભીખાલાલ કડકીઆ (ફાડીઆ)ની કુખે થયો હતો. જન્મ બાદ લગભગ ૨૦ વર્ષ સુધી ઉછેર અને માધ્યમિક અભ્યાસ બાલાસિનોર ખાતે થયો.

૧૯૫૦માં તેઓ વતન છોડી, મુંબઈ આવ્યા અને ભાઈઓ સાથે મળી ભાગીદારીમાં વિબગ્યોર (ઈન્ડિયા) કું. ની સ્થાપના કરી. વ્યાપારનાં વિકાસ અર્થે હૈદ્રાબાદમાં પણ શાખા શરૂ કરી. ૧૯૫૧ બાદ સ્વતંત્રપણે મુંબઈમાં જ વ્યાપાર વિકસાવ્યો, તેમનાં પુત્રોનાં સહયોગથી આજે વિબગ્યોર નો ધંધાકીય વિકાસ સુગઠિત બન્યો છે.

૬૦ અને ૭૦ ના દાયકાની વાડસોલ સમાજની પ્રચલિત પ્રણાલી ને અનુસરી, લગભગ દરેક પગભર થયેલો યુવક ધંધામાં બે પાંદડે થાય એટલે સામાજીક કાર્યમાં ઝંપાલવેજ. એ પ્રણાલી ને મુરબ્બી મધુકાકા એ પણ પોતીકી કરી અને ફળ સ્વરૂપ આપણી અનેક સંસ્થાઓને એક મિલનસાર, સંનિષ્ઠ અને કાર્યકર્તાનું નેતૃત્વ સાંપડયું. તેમના સામાજીક કાર્યકાળમાં તેમણે,

- ✤ શ્રી બાલાસિનોર નવયુવક સંઘમાં ૧૯૭૬ થી ત્રણ વર્ષ કારોબારીનાં સભ્ય તરીકે સેવા આપી. ઉપરાંત ૬ વર્ષ ટ્રસ્ટી પદ શોભાવ્યું.
- ✤ બાલાસિનોર ગોકુલેશ સમાજમાં કારોબારીનાં સભ્ય રહ્યાં.
- ✤ શ્રી વાડાસિનોર દશાનિમા વિદ્યોત્તેજક મંડળ સાથે લગભગ ૨૫ વર્ષ સુધી સંકળાયેલા રહી, ખજાનચી , ઉપપ્રમુખ અને પ્રમુખ જેવા ઉચ્ચ હોદ્દાઓને ગરિમા બક્ષી.
- ✤ બાલાસિનોર ગ્રાહક સહકારી મંડળમાં ૩૦ વર્ષ ખજાનચી તરીકે સેવા આપી.
- ✤ શ્રી વાડાસિનોર દશાનિમા નવયુવક મંડળ અને મેડિકલ ટ્રસ્ટમાં કારોબારીનાં સભ્ય તરીકે સેવા આપી.
- ✤ શ્રી બાલાસિનોર કેળવણી મંડળની કારોબારી સમિતીમાં સેવા આપી અને મંત્રી, ખજાનચી, ઉપપ્રમુખનાં હોદ્દાઓ દિપાવ્યાં.

આજે મધુકાકાનો નાનો પુત્ર અલ્કેશ મુંબઈમાં જ સ્થાયી હોઈ મધુકાકાનો વ્યાવસાયિક વારસદાર છે. તો અમેરિકા સ્થિત મોટો પુત્ર જતીન મધુકાકાની વ્યાવસાયિક કુનેહ નો વારસો લઈ ત્યાં પોતાનો આગવો સ્વતંત્ર વ્યાપાર ધરાવે છે.

બે દિકરીઓ સુષ્મા જયકુમાર મોદી અને નીશા જતીન દેસાઈ મુંબઈમાં સ્થાયી છે. જમાઈ જતીન દેસાઈ પત્ની નીશાનાં સબળ સથવારે મધુકાકાની જેમ જ સામાજીક કાર્યોમાં પ્રવૃત્ત છે. દરેક પુરુષની પ્રગતિમાં સ્ત્રીનો સાથ-સહકાર અનિવાર્ય છે. મધુકાકાના જીવનમાં આ સ્થાન તેમના ધર્મપરાયણ ધર્મપત્ની કોકિલાબેને નિષ્ઠાથી નિભાવ્યું છે.

આજે ૮૭ વર્ષે પણ શ્રી મધુકાકા સામાજીક ક્ષેત્રે પ્રવૃત્ત છે. નિવૃત્તિબાદ પણ પ્રવૃત્તિમય જીવન જીવવાનો રાહ તેમની પાસેથી શીખવા જેવો છે. આવા પ્રેમાળ, સૌનાં માર્ગદર્શક, સેવાની જ્યોત પ્રજવલિત રાખનાર કાર્યકર્તાને વાડસોલ કર્મવીર તરીકે સન્માનિત કરતાં આનંદ અને ગર્વ અનુભવીએ છીએ.


એક શુભેચ્છક ના જે જે શ્રી ગોકુલેશ

# બાલાસિનોર વિદ્યામંડળ

## જાહેર નિમંત્રણ

બાલાસિનોર વિદ્યામંડળની સ્થાપના ૦૫ મે ૧૯૬૮ના શુભ દિને થયેલી તથા બાલાસિનોર વિદ્યામંડળ સંચાલિત ચંદનબેન અને સોમાલાલ હરિલાલ દેસાઈ વિનયન અને શ્રીમતી લીલાવતી કીર્તનલાલ લાલચંદ દોશી વાણિજ્ય વિદ્યાલયની સ્થાપના ૧૮ જુન ૧૯૬૯ના શુભ દિને થયેલી. મંડળે તેના ધ્યેય અને ઉદ્દેશોની સાથે પચાસ વર્ષ પૂરાં કર્યા છે.

સુવર્ણજયંતિની ઉજવણીના પ્રતિકરૂપે સોમવાર ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૮ થી બુધવાર ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૮ સુધી ત્રણ દિવસના કાર્યક્રમનું આયોજન મહાલક્ષ્મીબેન મણીલાલ શાહ, વિદ્યાનગર, બાલાસિનોર-૩૮૮૨૫૫, કોલેજ કેમ્પસમાં કરવામાં આવેલ છે.

## કાર્યક્રમની રૂપરેખા

| તારીખ | સમય | કાર્યક્રમ |
|---|---|---|
| સોમવાર ૧૦ સપ્ટેમ્બર ૨૦૧૮ | ૧૧.૦૦ થી ૦૧.૦૦ | સુવર્ણ જયંતિ ઉદ્દ્ઘાટન મહોત્સવ |
| | ૦૨.૦૦ થી ૦૪.૦૦ | આર્ટસ્ એન્ડ કોમર્સ કોલેજ બાલા.ના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ |
| મંગળવાર ૧૧ સપ્ટેમ્બર ૨૦૧૮ | ૧૧.૦૦ થી ૦૧.૦૦ | વક્તવ્ય-અરુણાબા જાડેજા<br>વક્તવ્ય - ભાગ્યેશ ઝા |
| | ૦૨.૦૦ થી ૦૫.૦૦ | સાંસ્કૃતિક કાર્યક્રમ - નાટક |
| બુધવાર ૧૨ સપ્ટેમ્બર ૨૦૧૮ | ૧૧.૦૦ થી ૦૧.૦૦ | સંજય રાવલ વક્તવ્ય<br>સમાપ્ત સમારોહ |

આ કાર્યક્રમ માટે વિવિધ સમિતીઓની રચના કરવામાં આવી છે. તેજ પ્રમાણે સુર્વણજયંતીની ઉજવણીના પ્રતિક રૂપે મુંબઈ ખાતે માર્ચ ૨૦૧૯માં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. જેની વિગતવાર માહિતી પછીથી જણાવવામાં આવશે.

### મંડળની હાલની નોંધપાત્ર પ્રવૃત્તિઓની વિગતો

- Arts & Commerce (U.G. and P.G. Course) M.S.W. P.G. Course affiliated to Shree Govind Guru Univercity નું વ્યવસ્થાપન.
- Information Technology હેઠળ વિવિધ Technical Computer Courses નું વ્યવસ્થાપન.
- ફી રાહત લોન/શિષ્યવૃત્તિ માફી Excellent Library, Sports complex, NCC, Language Laboratory નું Establischment અને નિયમનનું સંચાલન વગેરે સંભાળે છે.

ઉપરોક્ત બંને સંસ્થાઓની સુવર્ણજયંતીની ઉજવણી નિમિત્તે સહભાગી થવા આપ સર્વેને અમારું ભાવભીનું આમંત્રણ છે.

**બાલાસિનોર વિદ્યામંડળ કારોબારી સમિતી વતી**

# કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટ, બાલાસિનોર

**બાલાસિનોરની કે.એમ.જી. જનરલ હોસ્પિટલ (કુણીવાલા કેમ્પસ) માં નીચે મુજબના કેમ્પ યોજવામાં આવેલ.**

૧) **શ્રીમતી કુસુમબેન રસિકલાલ અને રસિકલાલ મણીલાલ પરીખ (લાકડાવાળા) ડાયાબિટીસ કેમ્પ :** તા. ૧૫-૭-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૯૪ દર્દીઓ નોંધાયેલા. તમામ દર્દીઓના પેથોલોજી ટેસ્ટના રૂા. ૬૨૩૦/- તેમજ જરૂરિયાતવાળા દર્દીઓને દસ દિવસની રૂા. ૨૩૦૦૭/-ની દવાઓ મળીને કુલ ૨૯૨૩૭/-ની માફી આપવામાં આવેલ. તે સિવાય ફાર્મા કંપની તરફથી પણ અમુક દવાઓ ફ્રી આપવામાં આવેલ. આ કેમ્પમાં આણંદના ફીજીશીયન ડૉ. શિશિરભાઈ પી. ગાંધી (એમ.ડી.મેડીસીન) તેમજ તેઓના ડૉક્ટરોની ટીમો તથા આપણી હોસ્પિટલના ફીજીશીયન ડૉ. વિરલભાઈ પટેલએ સેવાઓ આપેલ. મુંબઈથી કારોબારી મંત્રી શ્રી નિતિનભાઈ પરીખ આ કેમ્પસમાં ખાસ હાજર રહેલા. હવે આ ડાયાબિટીસ કેમ્પ તા. ૧૮-૧૧-૨૦૧૮ના રોજ રાખવામાં આવેલ છે.

૨) **ઈકો કેમ્પ :** તા. ૧૪-૭-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૩૩ દર્દીઓના ઈકો રાહતદરે કરવામાં આવેલ.

૩) **છારી કાઢવાનો કેમ્પ :** તા. ૨૦-૭-૨૦૧૮ના રોજ યોજવામાં આવેલ. કુલ ૨૨ દર્દીઓની આંખોમાંથી રાહત દરે છારી કાઢવામાં આવેલ.

૪) **બ્લડ ડોનેશન કેમ્પ :** તા. ૧૫-૭-૨૦૧૮ના રોજ ઈન્ડીયન રેડ ક્રોસ સોસાયટી તેમજ બાલાસિનોર જેસીસના સહકારથી બ્લડ ડોનેશન કેમ્પ યોજવામાં આવેલ. આ કેમ્પમાં કુલ ૨૩ બ્લડ બોટલ એકત્ર કરવામાં આવેલ. નડિયાદ ઈન્ડીયન રેડક્રોસ બ્લડ બેંકનો સ્ટાફ હાજર રહેલ.

**સુધારો :** કે.એમ.જી. જનરલ હોસ્પિટલ ટ્રસ્ટની જ્યોતિપુંજની જુન-૧૮ ના માસની વિગતમાં નટવરલાલ ચીમનલાલ પરીખ (રાઠોડીયા) કાર્ડીયોગ્રામ વિભાગ છે. પરંતુ શરતચૂકથી ટાઈપીંગ ભૂલથી **રાઠોડીયા** ના બદલે **રોકડીયા** ટાઈપ થયેલું છે. તો તેને સુધારીને **રાઠોડીયા** વાંચવા વિનંતી.

**માનદ્ મંત્રીશ્રીઓ – શ્રી નિતીન પરીખ, શ્રી પરેશ પરીખ**


સ્વ. કોકીલાબેન મણીકાંત કડકીયા ના જે જે શ્રી ગોકુલેશ

# પ્રકીર્ણ વિભાગ

## તેજસ્વી તારલાં


યતી મેહુલ ઉપાધ્યાય

✤ કઠોર પરિશ્રમનો બીજો કોઈ વિકલ્પ હોતો નથી તેવું ગુજરાતી ધારાવાહિક કલાકાર યતી ઉપાધ્યાય એ સાબિત કરી દીધું. ગુજરાતી ધારાવાહિકની તુલી એટલે કે યતી ઉપાધ્યાય મહારાષ્ટ્ર બોર્ડની એસ.એસ.સી. ની પરીક્ષા ૯૩ ટકા સાથે પાસ કરી છે. ગુજરાતી કલર્સ ચેનલ પર સૂરી નામની ધારાવાહિક પ્રસારિત થતી હતી જેમાં સુરીના માં ના પાત્રમાં તુલી હતી જેનું સાચું નામ યતી ઉપાધ્યાય છે. યતી ઉપાધ્યાય એ પ્રસિદ્ધ ટીવી કલાકાર મિહિર ઉપાધ્યાયની ભત્રીજી છે. યતી એ કોઈપણ જાતના અન્ય કલાસ કે અન્ય કોચિંગ વગર ફક્ત સ્કૂલના જ માર્ગદર્શન અને પોતાની જાત મહેનતથી બોર્ડની પરીક્ષા પાસ કરી છે. યતીના માતાનું નામ સોનલબેન ઉપાધ્યાય તેમજ પિતા મેહુલ ઉપાધ્યાય છે. તે રજનીકાંન્ત ચીમનલાલ મોદી (પેપરવાલા) ની દિકરી સોનલ ની દીકરી છે.

✤ ✤ ✤ ✤ ✤

✤ **નુપૂર નિમેષ શાહ** એચ.એસ.સી. ની પરીક્ષામાં ૮૯.૦૮ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે.

✤ **યજુર્વ હેમલ ધારીયા** એસે.એસ.સી. (ICSE) ની પરીક્ષામાં ૯૬.૧૪ ટકા સાથે ઉત્તીર્ણ થયા છે.

✤ **શ્લેશા હિતેષ ધારીઆ (શહેરાવાળા)** (C.A.) ફાઈનલમાં ઉર્ત્તીણ થયા છે.

**ઉપરોક્ત વિદ્યાર્થીઓને સંસ્થા વતી હાર્દિક અભિનંદન.**

### સુધારો

શ્રી બાલાસિનોર નવયુવક સંઘની સમિતીના લીસ્ટમાં શ્રી ચિરાગ ચંદ્રકાન્ત પરીખની જગ્યાએ **શ્રી કિંજલ પંકજ પરીખ વાંચવું. મોબાઈલ નં. - ૯૮૨૦૮૧૫૫૮૪**

### મૃત્યુ નોંધ

| | વર્ષ |
|---|---|
| ✤ અ.સૌ. કનકબેન વિઠ્ઠલદાસ ગાંધી | ૭૪ |
| ✤ મધુબેન રશ્મીકાંત દેસાઈ | ૯૧ |
| ✤ દિપેન્દ્ર મોહનલાલ જોશી (ચોધરી) | ૬૮ |
| ✤ મંજુલાબેન બાબુલાલ પરીખ (રોકડીયા) | ૮૯ |
| ✤ કુમુદબેન પ્રવિણચંદ્ર ગાંધી (પાકા) | ૮૬ |
| ✤ શોભનાબેન શશિકાન્ત પરીખ (U.S.A.) | ..... |

**પ્રભુ સદ્ગતના આત્માને શાંતિ અર્પે એવી પ્રાર્થના.**

**નેત્રદાન (ચક્ષુદાન) માટે સંપર્ક કરો - ૧૯૧૯**